**Gujarat Chamber of Commerce & Industry**

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

**Natubhai Patel**
President

**Hemant N. Shah**
Sr. Vice President

**K. I. Patel**
Vice President

**Pathik S. Patwari**
Hon. Secretary

**V. P. Vaishnav**
Hon. Secretary (R)

**Sachin K. Patel**
Hon. Treasurer

**23 ઓક્ટોબર, 2020** /16452

પ્રતિ,
**માન. શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ,**
ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી,
સ્વર્ણિમ સંકુલ-૧,
નવા સચિવાલય, ગાંધીનગર.

માનનીયશ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ,

ગુજરાત રાજ્યમાં છેલ્લા ૨૫ વર્ષથી ભાજપનું સુશાસન પ્રવર્તી રહ્યું છે. આપના સુશાસનમાં રાજ્યના નાગરિકોનો અનેકગણો વિકાસ થયો છે. આપના સુશાસનમાં રાજ્યમાં રોડ-રસ્તા, વીજળી, પાણી, ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ, અન્ય માળખાકીય સુવિધાઓ, આરોગ્યવિષયક સુવિધાઓ, શિક્ષણ ક્ષેત્રે પ્રાપ્ત સુવિધાઓ વગેરે તમામ ક્ષેત્રે વિકાસને કારણે આજે ગુજરાત સમગ્ર દેશમાં નં. ૧ બનવા પામ્યું છે. રાજ્યના વિકાસ બદલ આપની કુશળતા, શાસન, વહીવટ આવડત દૂરંદેશીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

તાજેતરમાં પ્રવર્તી રહેલ વૈશ્વિક મહામારી કોરોનાને કારણે સમગ્ર વિશ્વ, દેશ અને આપણે રાજ્યે પણ ખૂબ સહન કરવું પડ્યું છે, પરંતુ આપની નીતિ, દીર્ઘદૃષ્ટિ, વિવિધ તબક્કે સમયસર લેવાતા નિર્ણયો વગેરેને કારણે આજે ગુજરાત રાજ્ય અન્ય મોટા રાજ્યોની સરખામણીમાં ઝડપથી કમબેક થવા માંડ્યું છે, કોરોનાની પરિસ્થિતિમાંથી પુનઃ બેઠું થવા માંડ્યું છે. કોરોનાની સ્થિતિમાં સરકાર ખરા અર્થમાં નાગરિકોને મદદરૂપ બની છે. કોરોનાના કપરા સમયમાં ગરીબ-મધ્યમવર્ગના લોકોને અનાજ પૂરું પાડવું, રોકડ સહાય પૂરી પાડવી, નાના-મોટા ધંધાર્થીઓને આત્મનિર્ભર પેકેજ આપવું, મોટા ઉદ્યોગોને સહાય પેકેજ આપવું, સાચા સમયે સાચા નિર્ણયો જાહેર કરી સરકાર નાગરિકોને વગેરે રીતે રાજ્ય સરકાર ખૂબ મદદરૂપ બની છે. આપશ્રીના સંવેદનશીલ સ્વભાવ અને રાજ્યનો વિકાસ થાય તે માટે આપનો અભિગમ ખૂબ જ આવકારદાયક છે.

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 | gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

**Natubhai Patel**
President

**Hemant N. Shah**
Sr. Vice President

**K. I. Patel**
Vice President

**Pathik S. Patwari**
Hon. Secretary

**V. P. Vaishnav**
Hon. Secretary (R)

**Sachin K. Patel**
Hon. Treasurer

આપશ્રીએ જયારે જ્યારે રીયલ એસ્ટેટનાં કોઈ પ્રશ્નો ઉદભવે છે ત્યારે આપ બહુ જ અગ્રતાક્રમે નિકાલ લાવવા હંમેશ તત્પર રહો છો. અનેક રીયલ એસ્ટેટનો પ્રશ્નોનો આપે સરળતાપૂર્વક અને દરેકને અસરકારક અને ઉપયોગી નિવડે તેવી રીતે ઉકેલી આપેલ છે તે પ્રશંસનીય છે કોરોનાના સમયમાં સૌથી મોટો રીઅલ ઍસ્ટેટ ક્ષેત્રને લાગ્યો હતો. રીઅલ ઍસ્ટેટ ક્ષેત્ર સાથે જડાયેલ તમામ લોકો ગંભીર મુશ્કેલીમાં આવી ગયા હતા ત્યારે રાજ્યના રીઅલ ઍસ્ટેટ ક્ષેત્રને પુનઃ બેઠું કરવા માટે 'ગીહેડ ક્રીડાઈ વર્ચ્યુઅલ પ્રોપર્ટી શો'ના ઉદ્ઘાટન વખતે આપે કરેલ (૧) **63 AAA** ની જાગવાઈઓ અફોર્ડેબલ હાઉસીંગ પ્રોજેક્ટ માટે અમલી બનાવવી, (૨) **GDCR** માં ફેરફાર કરી અફોર્ડેબલ હાઉસીંગ પ્રોજેક્ટમાં યુનિટ સાઈઝમાં ફેરફાર કરી ૮૦ ચો.મી.ના બદલે ૯૦ ચો.મી. કરવી, (૩) તા. ૩૦-૬-૨૦૨૦ના રોજ ઠરાવ કરી ૩.૬ મીટર Floor Height ની મર્યાદા હટાવવી, (૪) ચાર્જેબલ FSI ના હપ્તા પર વ્યાજ ચૂકવણીમાં સમગ્ર રાજ્યમાં યુનિફોર્મ પોલીસી લાગુ કરવી, (૫) લો રાઈઝ બિલ્ડીંગ પ્રોજેક્ટમાં એ જ દિવસે પ્લાન ઍપ્રુવલ આપવું વગેરે જે નિર્ણયો કરવામાં આવ્યા છે તે બદલ આપનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરીએ છીએ.

આપશ્રી રાજ્યમાં ઉત્તમ શાસન કરતા રહો તેવી શુભકામનાઓ સહિત પુનઃ આપને અભિનંદન પાઠવી આભાર વ્યક્ત કરીએ છીએ.

આપનો સ્નેહાધીન,

નટુભાઈ પટેલ
**પ્રમુખ**